ફોજદારી કેસ નંબર : ૩૪૬૬૫/ ૨૦૨૨ ના કામે આંક : ૧ ના ચાજશીટ/ફરીયાદ લગત હુકમ : –
---------------------------------------------------

૧. કેસ પેપસ વંચાણે લીધા ,સદરહું કેસમાં આરોપી સામે જી.પી.એકટ–૧૩૧,૪ મુજબ ફરીયાદ કરવામાં આવેલ છે તેમજ તે કાયદાની સજાની જોગવાઈઓ વંચાણે લેતાં માત્ર સજા અને દંડની જોગવાઈ કરવામાં આવેલ છે આમ આ કેસમાં સજાની જોગવાઈઓ જોતાં તેમાં ૨ વર્ષ થી વધુ ની કોઈ જોગવાઈ રહેલ નથી આથી સદરહું કેસ સી.આર.પી. ની જોગવાઈઓ મુજબ સમન્સ ટ્રાયબલ કેસ કેસ છે તેમ માનવાનું રહે છે સદરહું કેસ ની ચાર્જશીટ/ફરીયાદ ના.કોર્ટમાં કરવામાં આવેલ છે અને ત્યારબાદ આ કામના આરોપીઓ સામેનો કેસ ઘણા સમય થી પેન્ડીગ છે આ ની સામે એટલે કે હાલના કામના આરોપી ની સામે સમન્સ વૉરંટ કાઢવામાં આવેલ છે જેમાં અમલ બજવણી અધીકારીએ સ્થળ ઉપર જઈ કોઈ તપાસ કરેલ નથી કે આ કામના આરોપી સામે કાઢવામાં આવેલ સમન્સ /વોરંટ પરત આવેલ નથી અને બજવણી માટે ના કોઈ કાર્યવાહી ના પ્ર યત્નો થયેલા નથી અને પ્રોસેકયુશન આરોપીને શોધવામા નીષ્ફળ ગયેલ છે ત્યારબાદ આ કામના આરોપી જામીનદાર નાઓને પણ વારંવાર સમન્સ નોટીસ કરવામાં આવેલ છે . આમ સદરહું કેસ બજવણી ના અભાવે અને પ્રોસેકયુશનની આરોપીને શોધી લાવવાની નીષ્ફળતાના કારણે છેલ્લા ઘણા વર્ષ થી ડેડવુડ પ્રકારનો કેસ બની ગયેલ છે. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલદરમીયાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી . નેશનલ લીગલ સવિસ ઓથોરીટીના પત્ર જાવક નંબર : એફ .નંબર એલ / ૨૩/૨૦૧૪ નાલસા , તારીખ : – ૨૦/ઓગસ્ટ /૨૦૧૪ માં આપેલ ગાઈડલાઈન ધ્યાનમાં લેતાં તેમાં અદાલતમાં પડી રહેલ ડેડવુડ જેવા કેસોનો ક્રમીનલ પ્રોસીજર કોડ – ૧૯૭૩ ની કલમ – ૨૫૮ અન્વયે નીકાલ કરવા સુચન અપાયેલ છે. તેને ધ્યાનમાં લેતાં અત્રેની કોટે તેવા ડેડવુડ કેસોને આઈડેન્ટીફાય કરેલ છે અને પ્રસ્તુત કેસ ઘણો જુનો છે.જેથી હવે ઈન્સાફી કાયવાહી આગળ વધારવી ઘણીજ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાયવાહી માં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોઈ આવા કેસોના ભરાવાનું ભારણ ઓછું થાય અને ઈફેકટિવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાયવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. , આ સંજોગોમાં ન્યાયના હીતમાં ક્રમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાયવાહી પુરાવો નોંધ્યા વિનાજ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપી ને સદરહું ગુન્હામાંથી ડીસ્ચાર્જ કરવામાં આવે છે

કેસમાં રહેલ તમામ રોકડ મુદામાલ સરકારશ્રી માં જમા કરાવવો બાકીનો નાશ કરવો

કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી

હુકમ આજરોજ તા .૦૯/૧૨/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કયાૃ.

તા. ૦૯/૧૨/૨૦૨૩

સુરત

(વિજયકુમાર .બી .બારોટ)
૧૦માં એડી.ચિફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં જીજે૦૧૦૦૪
(સ્પેશીયલ સીટીંગ)